# વેદાંત ચિંતન

**૨/૬૫ ૧.૧૪.૫૪ અમી ઠાકોર, જાનકી જોષી, વિષ્ણુ જોષી**

**અ.૧**

હું અનાથ અપંગ છું, તું વિણ આન ન નાથ;
ભાવટવીમાં રખડતો;, કરો સદગુરુ સાથ. ૭૪.

તું માતા હું બાળ છું, પિવાડ બોધસ્તન્ય[1];
તુજ લીલામૃતપ્રાશને, થાઉં જગમાં ધન્ય. ૭૫.

કૃપા કરી મુજ રંક પર, આપો જ્ઞાનનું દાન;
સદા સંતનો દાસ હું, કાંઈ ન મુજને ભાન. ૮૧.

ઋષિ મુનીશ્વર સંતને, વંદી કવિવર એમ,
માતપિતાચરણે નમું, જેથી થાયે ક્ષેમ. ૮૨.

**અ.૮**

એની લીલા એ લહે, કરે ખેલ અનન્ત;
પામર પાછો ત્યાં પડે;, જોવા જાતાં અન્ત. ૭૯.

**અ.૯**

મુનિચ્છાત્ર[2] સાંભળ મુદા, કર્મભૂમિ આ જાણ;
સ્વર્ગ મોક્ષ ને નરકનું, દ્વાર એક સમાન. ૧૮.

વિષયતૃષ્ણાથી ભમી, [3]યોન્યંતરમાં જીવ,
આવે મનુષ્યલોકમાં, કર્મે પુણ્ય અતીવ[4]. ૧૯.

સુખ માટે તન તોડીને, કરે પ્રયત્ન મહાન!
સુખ સુખ કરતાં દુઃખથી, થાય વ્યાકુળ પ્રાણ. ૨૦.

લોકયત્ન જોઈ થયો, હું સ્વયં નિવૃત્ત;
બાહ્ય ફાંફાં છોડીને, થયો અંતર્વૃત. ૨૧.

આત્મા સુખસ્વરૂપ આ, લેશ ન એમાં દુઃખ!
અભ્યાસે એ જાણતાં, જડે ન શોધ્યું દુઃખ! ૨૨.

અવિદ્યાદિ ક્લેશ એ, થતાં નષ્ટ સહુ એમ;
સ્વયં પ્રભા[5] એની લસે, સુખસ્વરૂપ તેમ. ૨૩.

માટે સંસ્પર્શજ[6] સહુ, ભોગ દુઃખ છે માન;
જાણી એવું દેવભુક્[7], પડી રહું હું જાણ. ૨૪.

લોકો આવું કાં ન એ, કરે? પૂછીશ એમ;
સાંભળ કારણઃ- બાળ હે!, જાણી અનુભવ તેમ. ૨૫.

અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર;
આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર. ૨૬.

અનિત્ય ગંદો દેહ જે, કેવળ દુઃખસ્વરૂપ;
નિત્ય સુખાત્મક માનીને, પડે મૂઢ ભવકૂપ. ૨૭.

શેવાળે છાયું દિસે, પાણી નિર્મળ જેમ;
સ્વાત્મા માયાચ્છન્ન એ, શુદ્ધ સુખમય તેમ. ૨૮.

ખસેડતાં સદ્‌યુક્તિથી, દૂર એહ શેવાળ;
નીચે અમૃતમય દિસે, પાણી ત્યાં તત્કાળ. ૨૯.

જ્ઞાનાભ્યાસે તેમ એ, ખસેડતાં અજ્ઞાન;
માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન. ૩૦.

પ્યાસો પાણી છોડીને, દોડે મૃગજળ પાસ;
અથડાઈ અંતે મરે, તેમજ માયાદાસ. ૩૧.

સ્વાત્માસુખ સ્વાધીન જે, છોડી દોડે જેહ,
વિષયો પાછળ ગાભરો, રડે દુઃખથી તેહ. ૩૨.

વણમાગ્યે આવી મળે, દુઃખ જેમ સુખ તેમ.
દૈવે વણ માગ્યે મળે, યત્ન નિરર્થક એમ. ૩૩.

હતભાગી કૂટી મરે, થાય યત્ન નિષ્ફળ;
સ્વપ્ને સુખ પામે નહીં;, અહા! દૈવ અકળ. ૩૪.

થાય સફળ તો એ કદિ, વિષય દુઃખનું મૂળ;
ક્ષણભંગુર પરતંત્ર એ, કરે વિરસ વ્યાકુળ. ૩૫.

જાણી એવું અંતરે, કરૂં ન કાંઈ યત્ન;
શું વિષયોથી મર્ત્યને[8], દુઃખરૂપ જે કૃત્સ્ન? ૩૬.

વિષયેચ્છુને સર્વદા, પીડે રાગદ્વેષ;
મોહશોકશ્રમાદિથી, થાય અંતરે ક્લેશ. ૩૭.

ભયશંકાથી ના કદિ, આવે નિદ્રા એમ;
અનવસ્થિત મન જેહનું, સદા અસુખી તેમ. ૩૮.

અજગરશિષ્ય થઈ ત્યજી, પ્રાણેચ્છા મેં જાણ;
મધમાખી પાસે શીખ્યો, વ્યર્થ અર્થની[9] ખાણ. ૩૯.

૧. ધાવણ; દુધ ૨. નારદશિષ્ય ૩. અન્ય યોનિઓમાં ૪. અત્યંત ૫. પ્રકાશ ૬. ઈન્દ્રિયો અને વિષયોના સંયોગથી
૭. પ્રારબ્ધથી પ્રાપ્ત થાય તેનો હર્ષશોક વગર ઉપયોગ કરનાર ૮. મનુષ્યને ૯. ધનની

માટે વ્યાઘ્રાદિક થકી, રોગશત્રુથી તેમ;
નૃપ તસ્કર યાચક થકી, ડરૂં ન કદિએ એમ. ૪૦.

નિરિચ્છ અંતરમાં સદા, યદચ્છાપ્રસંતુષ્ટ[૧];
દૈવે કાંઈ નવ મળે, તોએ ન હું અતુષ્ટ. ૪૧.

ધીરજ ધારી ઉર વિષે, પડી રહું બહુ કાળ;
અજગરવત્ નિશ્ચેષ્ટ હું, માની સદા સુકાળ. ૪૨.

મળે વધારે થોડું વા, સ્વાદુ કદન્ન જેહ;
જને વને નિશ્ચિંત હું, ખાઉં નિઃસંદેહ. ૪૩.

આદરથી પૂજા કરી, જમાડતાં કદિ લોક,
તિરસ્કારથી વા કદિ, માનું હર્ષ ન શોક. ૪૪.

જમ્યાં છતાં પણ ભાવથી, બોલાવે કદિ એમ;
વિધિનિષેધ ગણું નહીં, જમું ભાવથી તેમ. ૪૫.

ભલે કડાકા કદિ પડે, દિવસરાતના જાણ;
દૃષ્ટિ સરખી નવ કરૂં, અન્ન તરફ હું માન. ૪૬.

કષ્ટે ધન ભેળું કીધું, હરે અન્ય તે એમ;
મધુવત્[૨] માલિકને હણી, થયો વિરક્ત તેમ. ૪૭.

સંગ્રહ ના કો દિ કરૂં, નાશમૂળ સંગ્રહ,
શીખ્યો મધમાખી કને, દુઃખમૂળ પરિગ્રહ. ૪૮.

દૈવે આવી જે મળે, ચર્મ્ વલ્ક[૩] વા એમ;
સારૂં નરસું વસ્ત્ર જે, ક્ષૌમ[૪] જરિયન તેમ; ૪૯.

ઓઢી કાઢું દિન સુખે, કદિ દિગંબર જાણ;
ફરૂં આનંદે સદા, માનુ સર્વ સમાન. ૫૦.

રાખોડામાં રહું પડી, કદિ પથ્થર પર એમ;
ગાલીચા પર ઠાઠથી, ભૂમિ પર પણ તેમ. ૫૧.

કોઈ દિન વસ્તીમાં ફરૂં, કદિ જંગલમાં જાણ;
જંગલ વસ્તી છોડીને, સ્મશાનમાં કદિ માન. ૫૨.

સ્નાનધ્યાન કરૂં કદિ, માલાચંદન તેમ;
અલંકાર વસ્ત્રો સજી, ફરૂં મોજથી એમ. ૫૩.

ગાડીમાં ઘોડે કદિ, હાથી પર કદિ જાણ;
ફરૂં પગે આનંદથી, કદિ દિગંબર માન. ૫૪.

પંડિત સમ ચર્ચા કરૂં, કદિ શાસ્ત્રની તેમ;
કદિ મૂઢ સમ આચરૂં, જોઉ ગંમત એમ. ૫૫.

નિંદા કોની ના કરૂં, સ્તુતિ તેમજ માન;
રાગદ્વેષથી સર્વદા, રહું અળગો જાણ. ૫૬.

જેનામાં ગત જેટલી, કરે તેટલું તેમ;
ભિન્નમતિ લોકો બધા, સ્તવું નિંદુ કેમ? ૫૭.

શ્રેય સર્વનું સર્વદા, ઈચ્છું અખંડ જાણ;
આત્મરૂપ ગણી બધા, કરૂં ન કદિ અપમાન. ૫૮.

બ્રહ્મનિષ્ઠ હું સર્વદા બ્રહ્માસક્ત અખંડ;
બ્રહ્માત્મા, મુજમાં કદિ દિસે ન માયાબંડ. ૫૯.

બ્રાહ્મણ વા ચાંડાલ હો, ભલે ગાય કે શ્વાન;
બ્રહ્મરૂપ મને બધાં, માનું સર્વ સમાન. ૬૦.

સર્વવાસનાશૂન્ય હું, એક અસંગ એમ;
અંતર્મુખ રહું સદા, સ્વરૂપસ્થિત તેમ. ૬૧.

અખંડ આનંદે ફરૂં, નિજાનંદમાં મસ્ત;
સર્વાવસ્થાશૂન્ય હું, મને શોક ના કષ્ટ. ૬૨.

બહિર્વૃત્તિ છોડીને, થાવું અંતર્નિષ્ઠ;
શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળાં ક્લિષ્ટ[૫]. ૬૩.

વિકલ્પ[૬] હોમી ચિત્તમાં, કરવું ચિત્ત વિલીન,
અર્થાત્મક મનમાં સદા;, મન અહંકૃતિલીન. ૬૪.

અહંકારને હોમીને, મહત્તત્વમાં તેમ;
બુદ્ધિને માયા મહીં, કરવી વિલીન એમ. ૬૫.

સર્વકારણકારણે, સર્વાત્મામાં જાણ;
અંતે માયાને ત્યજી પામે નર નિર્વાણ. ૬૬.

વિરામ પામી સર્વથી, થાવું અંતર્નિષ્ઠ;
શાન્ત સમાહિત[૭] સર્વદા, એક અદ્વૈતનિષ્ઠ. ૬૭.

શુદ્ધ પરાત્મા એક હું, અસંગ નિશ્ચલ છેક;
બ્રહ્મરૂપ સોહં[૮] સદા, એવો જ્ઞાનવિવેક. ૬૮.

થતાં સુદૃઢ મુક્ત એ, વિલંબ ત્યાં ન લગાર!
કહ્યું રહસ્ય તને બધું, તેનો સદા વિચાર. ૬૯.

કર સાવધ એકાંતમાં;, મા કર વાણીવિલાસ;
અધિકારી વિણ નવ પચે, કાચો પારો ખાસ!! ૭૦.

એમ કહી મૂગા રહ્યા, દત્ત દિગંબર એહ,
ઓળખ્યા નિજ અંતરે, પ્રહ્લાદે પણ તેહ. ૭૧.

૧. આકાશવૃત્તિથી, અનાસુરતી ૨. મધની માફક ૩. વલ્કલ ૪. રેશમી વસ્ત્ર ૫. અવદ્યાદિક્લેશો ૬. મિથ્યા શંકા ૭. ઇંદ્રિયોના ચાંચલ્યથી રહિત ૮. એ (બ્રહ્મ) હું છું.

વંદન કરી સદ્‌ભાવથી, કીધું પૂજન તેમ;
આજ્ઞા લઈ નિસર્યો, આવ્યો રાજયે એમ. ૭૨.

રાજયસ્ત્રીપુત્રાદિથી, સદા અલિપ્ત જાણ;
તત્ત્વચિંતન કરે, રાજય દૈવભૂક્ માન. ૭૩.

ચિર પ્રારબ્ધ ભોગવી;, આત્મનિષ્ઠ એ એમ
સોંપી રાજય સુપુત્રને, થયો નિવૃત્ત તેમ. ૭૪.

**અ.૯**

શુદ્ધાંતઃકરણે સદા, સાત્ત્વિક ધૈર્યે તેમ,
મનોદમન કરવું ઘટે, તૂટે ગ્રંથી[૧] એમ. ૯૬.

શમદમાદિસાધને, થતાં ગ્રંથીનો ભંગ;
[૨]સ્વસ્થ થાય મન સર્વદા, થાય વૃત્તિનો ભંગ. ૯૭.

ગર્વક્રોશાત્દક ત્યજી, માનાપમાન તેમ;
કામાદિક શત્રુ હણી, રહેવું અદમ્ય એમ. ૯૮.

મર્મતોડ ન બોલવું, સહેવાં અન્ય વચન;
અનુદ્વિગ્ન રહેવું સદા, કરી દ્વંદ્વ[૩] સહન. ૯૯.

રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ;
માટે નિઃસંગી થવું, કરવો વા સત્સંગ. ૧૦૦.

પરનિંદા સ્હેવી સદા, કરવું કદિ ન તેમ;
દૈવભુક્ રહી સર્વદા, સ્વાત્મભાવે એમ. ૧૦૧.

સત્ય પ્રિય મિત[૪] બોલવું, ધર્મ્ય હિત પણ એમ;
પરછિદ્ર જોવું નહીં, બોલવું નહીં તેમ. ૧૦૨.

બીજાનું ભૂંડુ કદિ, ના તાકો અવસાન[૫];
સેવો સજજન સર્વદા, ના દુર્જન નાદાન. ૧૦૩.

પ્રાણાન્તે પણ વચનનો, કરવો ના કદિ ભંગ;
વિષયકથા ત્યજવી સદા, લાગે મેલો રંગ. ૧૦૪.

દુર્વર્તન મૂકી બધું, કરવું સત્સેવન;
હર્ષશોક ત્યજી સદા, રહેવું પ્રસન્નમન. ૧૦૫.

બ્રહ્મ સત્ય મિથ્યા બધું, માની ક્ષણભંગુર
ચિંતા બાંધી ચાકડે, રહેવું નિશ્ચિંત ઉર. ૧૦૬.

ઈશ્વર ફાવે તે કરે, ધર્મવ્યતિક્રમ[૬] જાણ,
તેજસ્વીને ના નડે, દોષ અગ્નિવત્ માન. ૧૨૦.

મરે મૂઢ અનુકરણથી, વિણ સામર્થ્યે એમ;
વર્તે મોહે જો કદિ, વિણ ઐશ્વર્યે તેમ. ૧૨૧.

કર્મ ન છોડે એહને (કોઈને), ઈશ્વર કર્માતીત્!
વિધિ નિષેધ ગણે નહીં, વર્તે ધર્માતીત્. ૧૨૨.

કાલકૂટ યત્સ્પર્શથી, મરે પામરો જાણ;
પીએ શંકર ક્ષણ મહીં!, કેમ બેઉ સમાન? ૧૨૩.

બ્રહ્મનિષ્ઠ ઈશ્વર સ્વયં, ગુણાતીત એ એમ;
ધર્માધર્માતીત એ, સદા નિર્દોષ તેમ. ૧૨૪.

વાયુવત્ નિર્લેપ એ, સર્વવંદ્ય શ્રુતિતાત!
અનુકરણથી એમના, થાય મૂઢનો ઘાત. ૧૨૫.

તદ્વર્તન લેવું નહીં, વચન માનવાં ખાસ;
મેળ ઉભયનો જોઈને, વર્તે તત્સમ દાસ. ૧૨૬.

જ્ઞાની અજ્ઞાની કદિ, સમાન ના એમ;
ફાવે તેવો છો દિસે, જ્ઞાની મૂઢ ન તેમ. ૧૨૭.

મૂર્ખ કુતર્ક ભલે કરે, જ્ઞાની બ્રહ્મ સાક્ષાત્;
પ્રમાણ ત્યાં શ્રુતિ અનુભવો, માનો નિશ્ચય વાત. ૧૨૮.

**અ.૧૦**

ત્રિમૂર્ત્યાત્મક દેવ એ, દત્ત દિગંબર એમ;
ભાવભૂખ્યો ભક્તનાં, વહે યોગને ક્ષેમ. ૧૦૨.

**અ.૬૭**

ક્ષણવિધ્વંસી દેહ આ, વૈભવ અસ્થિર જાણ;
નિત્ય સંનિહિત મોત છે, કરવો ધર્મ પ્રમાણ. ૩.

જ્યાં લગ સ્વસ્થ દૃઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ;
ભજન કરી ભગવાનનું, થાવું નિઃસંતાપ. ૬.

ક્ષણક્ષણ આયુ જાય આ;, પલ પલ કાળ સમીપ;
સદ્યઃ પૂર્વવયે સદા, કરવો ધર્મ સમીપ; ૮.

નશ્વર આ વપુ; કો કરે, એનો પલ વિશ્વાસ?
મૃત્યુ અહર્નિશ સાથ છે,કરો ન શ્વસ્તન[૭] આશ. ૧૩.

કાલે કરવું જે ઘટે, કરવું આજ સુમાત;
ઘડી પછીનું આ ક્ષણે, જુએ મોત ના વાટ! ૧૪.



૧. અજ્ઞાનની ગાંઠ ૨. સ્વરૂપાવસ્થીત; શાંત ૩. માનામાન, લાભાલાભાદિ ભાવો ૪. પ્રમાણસર ૫. નાશ, મોત ૬. ધર્મની વિરુદ્ધ વર્તન ૭. આવતી કાલની

પક્વ પર્ણ જયમ વૃક્ષથી, પડે અલક્ષ અકાળ;
દેહ કદા પડશે નકી, લહે ન દક્ષ કુકાળ. ૧૫.

ઋણ આપી ગણતી કરે, ધનિક અહર્નિશ દિન;
તેમ મૃત્યુ આયુષ ગણે, છૂટ ન મૂકે દિન! ૧૬.

ગયાં નીર નવ સાંપડે, આયુષ્ નાવે ફેર;
ગયા દિવસ નાવે ફરી, મા કર અંબે દેર! ૧૭.

જે દિન પુણ્ય થયું નહીં, વૃથા દિવસ તે જાણ;
કરુણા યમઉરમાં નહીં, કરો ધર્મ પ્રમાણ. ૧૯.

**ભૂમી સોની, સમીપ સ્વાદીયા, અમી ઠાકોર**

દારા ધન પશુ દેહ આ, સુત પરિવાર અસાર;
શાશ્વત માની જે રમે, નરપશુ તેહ ગમાર! ૨૦.

અમર દેહ જેનો ભલે, કરે દુરાગ્રહ એહ,
આગે ધર્મ કરીશ હું;, વૃથા શરીરે નેહ. ૨૩.

ઈષ્ટમિત્ર વા યમ તણો, શઠવરાગ્રણી જાણ,
તેને શીખ આ કામની!, મા કર મા રોકાણ. ૨૪.

જ્ઞાની સદ્ગુણને નમે, માને જ્ઞાન પ્રમાણ;
વૃદ્ધ તાડ તુલસી લઘુ, કોને આપો માન? ૯૬.

**અ.૭૦**

અંતર દોષે નિજ ભર્યું, કાઢે પરની ભૂલ;
સુખી થાય ના એ કદિ, બોળે બંને કુળ! ૩૨.

સ્વદોષ જોયા વિના, કેમ થાય મન શુદ્ધ?
મનઃશુદ્ધિ વિણ જ્ઞાન ના, કાં ભૂલે દુર્બુદ્ધ? ૩૩.

પશ્ચાતાપે પાપ સહું, થયું દગ્ધ ક્ષણ માંહ્ય;
અગ્નિસ્પર્શે તૃણ યથા, ભસ્મ સકળ થઈ જાય. ૧૯૧.

નામ ન રહે કપૂરનું, અગ્નિસ્પર્શથી જેમ;
અનુતાપાગ્નિથી થયું, ભસ્મ દોષવન તેમ! ૧૯૨.

પશ્ચાતાપે પાપનું, ન રહે નામનિશાન;
ઉદિત થાય નિર્વેદ ને, થાય સત્યનું ભાન. ૧૯૩.

**અ.૭૧**

સર્વ મનુષ્યોમાં અહીં, શ્રેષ્ઠ વિદ્વજ્જન;
સદ્વિદ્યા સમ નિધિ નહીં, સ્વાયત્ત[૧] કોઈ અન[૨]. ૨૮.

સદ્વિદ્યા જેને વરી, વરે સકલ સંપત્;
થાય યશસ્વી લોકમાં, પૂજે હીન મહત્. ૨૯.

જેને સોદર ના ગૃહે, વિદ્યા ભ્રાત સમાન;
વિદ્યાભ્યાસ થકી બધે, પામે નર સન્માન. ૩૧.

વિદેશે એકલો જ્ઞાની, વેદવિદ્યાબળે કરી
પામે સ્વજનવત્ પૂજા;, વિદ્યા ભોગકરી નરી. ૩૨.

જે જાણે વિદ્યા સહુ, થાય જ્ઞાની પણ તેહ;
જ્ઞાને મુક્તિ કરતલે, તૂટે સહુ સંદેહ. ૩૩.

જ્ઞાનીને દેહે વસે, દેવ સર્વ એકત્ર;
સર્વપૂજાયોગ્ય એ, જ્ઞાની અત્ર પરત્ર. ૩૪.

**અ.૭૨**

ઈશ્વરેચ્છાધીન છે, જગત્ સર્વ આ જાણ;
હોનેહાર બને ટળે, તદિચ્છાથી જ માન. ૫૭.

ન્યારો સરજનહાર છે, કદિએ ના લેપાય;
ગુણકાર્યવિભાગથી, રચે સકળ જગ માંહ્ય. ૫૮.

અનાસક્ત રહી સર્વદા, આપે સહુને અન્ન;
હસ્ત્યાહાર મૃગેન્દ્રને[૩], દે કીડીને કણ! ૫૯.

પ્રથમ નિર્મી આહારને, પછી રચ્યો સંસાર;
લખ ચોરાસી યોનિઓ, સ્થૂલ સૂક્ષ્મ અપાર. ૬૧.

સમાન પોષે સર્વને, હોય રંક કે રાય;
સમદૃષ્ટિ પરમેશ એ, કર્મ થકી સહુ થાય. ૬૨.

પૂર્વાર્જિત આવી મળે, સુકૃત કે દુષ્કૃત;
સ્વકૃત ભોગવવું રહ્યું!, કોણ ભોગવે ઉત[૨]? ૬૩.

વાવ્યું તે લણવું રહ્યું, હોય સ્વર્ણ કે રાખ;
સૂરજ ને કાં દોષ દે?, પડી આંખમાં ઝાંખ! ૬૪.

મૂરખ હતભાગી કરે, દોષારોપ અન્યત્ર;
સુખદુઃખો આવી મળે, કર્યાં અત્ર પરત્ર. ૬૫.

**અ.૭૫**

અવ્યક્ત પ્રાણી ગર્ભમાં, થાય જન્મથી વ્યક્ત;
ક્ષણિક વહી જીવન અહા, થાય ફરી અવ્યક્ત. ૧૯.

૧. સ્વાધીન ૨. અન્ય, બીજો ૩. મૃગ

વાતાંદોલિત બુદ્‌બુદો, જલમાં ઊઠે જેમ,
શમે પલકમાં; દેહ પણ, જાણ કર્મથી તેમ. ૨૦.

આદિઅંતમાં જે નહીં, વચમાં તે પણ તેમ,
અનુભવદૃષ્ટિથી લહે;, શોક કરે સતી કેમ? ૨૧.

જ્યારે ગર્ભે દેહ આ, ત્યારે પણ અસ્થિર;
ખૂટે કર્મ તિહાં લગી, ખાય ઘેંશ કે ખીર! ૨૨.

જાગૃતિ માંહી સ્વપ્નનો, કરે કોણ વિશ્વાસ?
ઈન્દ્રજાળફળ સ્થિર કો, માને જ્ઞાની ખાસ? ૩૧.

**અ.૮૪**

મળે પક્ષિગણ વૃક્ષ પર, રાતે ભેગાં જાણ,
પડે વિખૂટાં ફજરમાં;, તેમ સર્વ આ માન. ૧૪૨.

સંસારે ત્યમ આ કહે, જન્મ્યો કો? મૃત કોણ?
સ્ત્રીપુત્રાદિક ભ્રાન્તિ આ, માયામય બહુકોણ! ૧૪૩.

ગંગાજળમાં વાયુથી, થાય બુદ્‌બુદો જેમ;
તેમ દેહ આ કર્મથી;, નશ્વર સઘળા તેમ. ૧૪૪.

અજ અક્ષય આત્મા નકી, ના જાણીને એહ,
કહે દેહને નિજ પતિ, જે જડ નિઃસંદેહ. ૧૪૫.

પાંચભૌતિક ગૌણ એ, થયો કર્મથી જાણ;
ગુણાનુબંધી કર્મ પણ, સુખદુઃખપ્રદ માન. ૧૪૬.

માયામય સંબંધ એ, જાણ ગુણાત્મક એમ;
ભાસે તોએ સત્ય ના, મરીચિકાજલ[1] જેમ. ૧૪૭.

ત્રિગુણાત્મક માયા નકી, આત્મા અસંગ એહ;
પ્રકૃતિસંભવ ગુણ બધા, સત્ત્વ રજસ્ તમ તેહ. ૧૪૮.

સંસારે પ્રાણી સહુ, કર્માધીન સુજાણ;
ગુણાનુસારે સૌખ્યને, પામે દુઃખ પ્રમાણ. ૧૪૯.

કલ્પાયુષ દેવો અહા, તે પણ કર્માધીન;
કાલગ્રસ્ત બધા! કથા, કોણ મર્ત્યની દીન? ૧૫૦.

આવે સાથે કાળ એ, કાલાધીન શરીર;
કોણ કહે સ્થિર એહને, પાંચભૌતિક અધીર? ૧૫૧.

કાલકર્મગુણવશ નકી, પંચાત્મક તું જાણ;
કરવો હર્ષ ન જન્મથી, મર્યે શોક ના માન. ૧૫૨.

જ્યારે ગર્ભે ઉદ્‌ભવ્યો, ત્યારે પણ નશ્વર;
ટકે પ્રારબ્ધ જ્યાં સુધી, પડે ન એ સત્વર. ૧૫૩.

બાળપણે કોઈ મરે, કોઈ ઘડપણ માંહ્ય;
જેનું અર્જિત જેહવું, તેનું તેવું થાય. ૧૫૪.

પૂર્વપુણ્યપાપે મળે, સુખદુઃખાદિક તેમ;
સ્ત્રીપુત્રાદિકયોગ પણ, જાણ કર્મથી એમ. ૧૫૫.

સુખદુઃખાદિક જે લખ્યાં, વિધિએ લલાટ માંહ્ય
કર્મ પ્રમાણે બોલ તેમ, કેમ અન્યથા થાય. ૧૫૬.

પુણ્યકર્મથી કો સમે, થાય દુષ્કર્મ દૂર;
ટાળી શકે ન કાળને, સુર નર દાનવ ક્રૂર. ૧૫૭.

ત્વગ્રક્તાસ્થિ માંસ ને, મજ્જા શ્લેષ્મ પુરીષ[2]
મૂત્રાત્મક તનુ નિંદ્ય આ, અંતર્બાહ્ય અનીશ[3]. ૧૬૦.

આવા ગંદા દેહમાં શો, સ્વારથ તું બોલ!
મલમૂત્રાત્મક ત્યાજ્ય એ;, શોક એહનો ફોલ!! ૧૬૧.

જેથી દુસ્તર ભવનિધિ, તરાય સુખથી એહ
કરવો વિચાર તેહનો;, વદે એમ મુનિ તેહ. ૧૬૨.

**અ.૧૦૭**

અલખ કહેઃ- જેવાં કરે, કર્મ માનવી અત્ર,
પામે ફળ તેવાં નકી, આગળ અત્ર પરત્ર[3]. ૩૦.

ચાલ્યો આવે ધર્મ જે, કરવો બંધ ન તેમ;
થાય પાપ એથી બહુ, આવે વિપત્તિ એમ. ૩૩.

પૂર્વપુણ્યથી જો કદિ, બચે અલ્પ દિન એહ,
પુણ્ય ક્ષીણ થાતાં નકી, પડે સંકટે તેહ. ૩૪.

માટે ચાલ્યો ધર્મ જે, ના કરવો પ્રતિબદ્ધ;
વધારવો ઊલટો યથા,શક્તિ રહી અમત્ત[5]. ૩૫.

**અ.૧૦૯**

રીઝે ઈશ્વર જે થકી, તેવું શાસ્ત્રોક્ત કર્મ
કરવું ભાવે સર્વદા, જેથી પામે શર્મ. ૯૨.

ભૂતાદિકવિદ્યા મહીં, દિસે લાભ તત્કાળ;
તોય નિર્વંશ થઈ પડે, અંતે નરકે, બાળ! ૯૩.



૧. મૃગજળ ૨. વિષ્ટા ૩. અસમર્થ, પરાધીન ૪. આલોક ને પરલોક ૫. અભિમાન, મદ રહિત

ગીતામાં હરિએ કહ્યું:-, ભજે જે મને જેહ
પામે તેવી તે ગતિ; ના એમાં સંદેહ. ૯૪.

**અ.૧૧૧**

તે દિનથી શાસ્ત્રીબુવા, કરે નિયમ ત્યાં જાણ;
દેવપ્રસાદ કહી યદિ, કોઈ ફલાદિક માન. ૨૨.

આપે તો ના ત્યાગવો, કરવો ભક્ષણ તેહ!
કલિયુગમાં પણ જો અહીં, ત્યજતાં પ્રસાદ એહ. ૨૩.

શ્રદ્ધાળુને દેવ એ, શિક્ષા કરે મહાન;
કૃતયુગમાં પૂર્વે તથા, વૈશ્યસુતા નૃપ જાણ. ૨૪.

સત્ય નારાયણ તણો, ત્યજતા પ્રસાદ તેમ,
થયાં સુદુઃખિત, શું હશે, જૂઠ સર્વ એ એમ? ૨૫.

નાસ્તિક કુતર્ક છો કરે, શ્રદ્ધાવાને જાણ,
ચઢી મૂર્ખની સોબતે, શાસ્ત્ર અવજ્ઞા માન. ૨૬.

ના કરવી કાલત્રયે;, હીન જાતિએ તેમ
પ્રસાદ ફલાદિ આપતાં, લેવું ભાવે એમ. ૨૭.

ભળતી વસ્તુનો કદિ, ના કરવો સ્વીકાર;
ત્યજતાં તેને દોષ ના, જાણ નિરંજન બાળ. ૨૮.

આજ્ઞા પ્રમાણે સંતની, માની વર્તવું તેમ;
ડા'પણ પોતાનું કદિ, ચલાવવું ના એમ. ૪૬.

તેમ દૃષ્ટાંત દેવનો, થતાં નિઃશંક જાણ;
તે જ પ્રમાણે વર્તવું, રાખી શ્રદ્ધા માન. ૪૭.

શ્રદ્ધા વિણ ફળ ના મળે;, હોય શ્રદ્ધા નિશ્ચળ,
તોજ કૃપાળુ દેવ એ, કરે કૃપા સત્વર. ૪૮.

**અ.૧૧૨**

અદ્‌ભુત શક્તિ મંત્રની, બતાવનારો તોય
હોય શુદ્ધ ત્યારેજ આવું, ઉત્તમ ફળ હોય. ૨૪.

અનુષ્ઠાનકર્તા તથા, હોય શ્રદ્ધાળુ જાણ,
તોજ ફલપ્રદ મંત્ર એ;, નહિ તો નિરર્થ માન. ૨૫.

નાસ્તિક શ્રદ્ધાહીન જે, પામે ના ફળ એહ;
ચરે હંસ મોતી અહા, વાયસ વિષ્ઠા તેહ! ૨૬.

અરે, જ્યાં લગી દેહ છે, ત્યાં લગ ઈશ્વરદાસ
છીએ આપણે એહવો, ભાવ રાખવો ખાસ. ૮૦.

દેહભાવથી દાસ ને, જીવભાવથી અંશ
ઈશ્વરનો જાણી સદા, રે'વું; ઉભયધ્વંસ. ૮૧.

થાતાં બ્રહ્માકાર ત્યાં, થાય જ્ઞાનિજન આંહ્ય;
દેહાધ્યાસ રહે નહીં, વિદેહી એ કે'વાય. ૮૨.

થાય સ્થિતિ ના એહવી, ત્યાં લગ અવશ્ય જાણ
કરવી સેવા દેવની, થાય તોજ કલ્યાણ. ૮૩.

દેહવૃત્તિ જેની થઈ, ક્ષીણ સંપૂર્ણ તેમ,
બ્રહ્મરૂપ તે જ્ઞાની પણ, કરે ન બકબક એમ! ૮૪.

સ્વયં આચરી અન્યને, દે તેવો ઉપદેશ;
સમાન દૃષ્ટિ સર્વ પર, રાખી હરે તત્ક્લેશ. ૮૭.

કીર્તિ એની ત્રિલોકમાં, વસે નિરંતર એમ;
દત્ત દત્ત હું તો કરૂં, જાણું અન્ય ન તેમ. ૮૮.

માટે શુષ્ક જ્ઞાનીઓ, તણી સોબતે એમ
ચઢી, કર્મ ના ત્યાગવું, સ્વૈરવૃત્તિથી એમ. ૯૧.

કરી સાધુની સંગતિ, રે'વું તદાજ્ઞા માંહ્ય,
સદાચારરત[1] સર્વદા;, જેથી પાતક[2] જાય. ૯૨.

**અ.૧૧૩**

માટે સુજ્ઞે ના કદિ, લેવું સંકલ્પદાન;
પાપીને આ વાતનો, નાવે અનુભવ માન. ૭.

ઢગલો ડુંગર સમ પડ્યો, જિહાં મેલનો એમ,
અલ્પ મેલ ત્યાં નાંખતાં, દિસે ન મોટો તેમ. ૮.

તેમ અલ્પ ઓછો થતાં, દિસે ન ન્હાનો એહ!
તેવા પાપી જાણવા, મહા ઉકેડા તેહ! ૯.

દુષ્કર્મોનું તેમને, મળે ન ફળ તત્કાળ;
શુદ્ધ વસ્ત્રમાં તત્ક્ષણે, દિસે ડાઘ નિર્ધાર!! ૧૦.

માટે ભક્તો ગમ રહે, કડક સાધુજન એમ;
શાસ્ત્રીબુવાએ ભાઈને, આપ્યું શિક્ષણ તેમ. ૧૧.

વિણ વૈરાગ્યે ના મળે, ઈશ્વર સ્વપ્ને જાણ;
પ્રથમ પગથિયું એ નકી, ઈશપ્રાપ્તિ માં માન. ૪૮.

૧. સદાચારી ૨. પાપ

અ.૧૧૪

માટે કૃતસંકલ્પ જે, દેવકાર્યનો તેમ
કરવો પૂરણ તત્ક્ષણે, વિના વિલંબે એમ. ૧૩૮.

કોઈએ કહેવા છતાં, ભળતું ફાવે તેમ,
બુદ્ધિભ્રંશ ન આત્મનો, થાવા દેવો એમ. ૧૩૯.

જેથી ઈશ્વરની કૃપા, થાશે સત્વર આંહ્ય
મારગ સૂક્ષ્મ એ અતિ, ગબડી ભલભલા જાય! ૧૪૦.

અ.૧૧૫

નિયમ એહ શ્રીગુરુ તણો, કદિ કોઈની સાથ
પડવું ના વાદે તથા, કરી વિતંડાવાદ. ૫૧.

યોગાભ્યાસ વિના કદિ, થાય ન બ્રહ્મજ્ઞાન
અન્ય સાધને નિશ્ચયે, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૬૯.

યોગાભ્યાસ વિના કદિ, થાય ન સુસ્થિર મન;
ચંચલચિત્તે ના બને, ધ્યાન નિદિધ્યાસન. ૭૦.

ધ્યાન વિના સ્વપ્ને નહીં, સુદઢ બ્રહ્મજ્ઞાન;
અનુભવ વિણ વાચાળતા, એ તો સહુ અજ્ઞાન! ૭૧.

પૂર્વભવે જેણે કરી, યોગસાધના પૂર્ણ,
વિણ અભ્યાસે આ ભવે, લભે જ્ઞાન એ તૂર્ણ. ૭૨.

નહિ તો આ જન્મે કરી, સિદ્ધ સાધના એહ,
થાએ જ્ઞાની નિશ્ચયે;, યોગ વિના ના તેહ. ૭૩.

મળે બ્રહ્મ વાતો થકી, બજાર માંહે ખાસ!
માટે મુમુક્ષુએ સદા, કરવો યોગાભ્યાસ. ૭૪.

અ.૧૧૬

જેથી સુખ નિજ દેહને, થાય દેવને તેમ
રીઝવતાં તે સાધને, થાય તુષ્ટ હરિ એમ. ૧૩.

વચન 'યથા દેહે તથા, દેવે' માની પ્રમાણ;
સદા એકાત્મભાવથી, ભજવો ઈશ્વર માન. ૧૪.

જે જે વસ્તુ જેહવી, ગમે સ્વાત્મને જાણ,
તેજ સદા અર્પણ કરે, ભાવે પ્રભુને માન. ૧૬.

એ રીતે જ જનો બધા, આત્મા જે નિજ આંહ્ય
માની તદ્વત્ દેવને, પૂજાદ્યર્પણ ત્યાંય. ૧૭.

કરતાં ભાવે ઈશ એ, થાએ પ્રસન્ન તેમ;
નિષ્ઠા અનન્ય દેખીને, રીઝે સત્વર એમ. ૧૮.

બેસી એકાંતે સદા, માટે ઈશ્વર માંહ્ય
જોડી તનમન આદરે, કરવું ધ્યાન સદાય; ૧૯.

પૂજાદિક પણ પ્રેમથી, છોડી સહુ સંદેહ;
દેવભક્તસંબંધથી, વધે પરસ્પર સ્નેહ. ૨૦.

નિયમભંગથી ચિત્તમાં, થાએ પ્રમાદ તેમ;
પ્રમાદઆળસથી નકી, પામે વિનાશ એમ. ૫૬.

તૂટે અનુસંધાન ને, બગડે આખો ભવ!
માટે પ્રમાદ જીતીને, ભજવો ભાવે ભવ! ૫૭.

પૂજન અર્ચન નિયમથી, નિયમે ધ્યાન સદાય;
શ્રવણ મનન નિયમે સદા, કરતાં શું નવ થાય? ૫૮.

અ.૧૧૭

કેટલાક જન ભાવથી, જઈ સંતને શરણ,
શ્રદ્ધાથી સેવા કરે, અર્પી તન મન ધન. ૫૧.

સંતોનો ઉપદેશ જે, વર્તે તત્સમ તેહ;
ઉપાસના કર્માદિ સહુ, કરે યથાવિધિ એહ. ૫૨.

તોએ ફળ ના તેમને, મળે શાસ્ત્રોક્ત તેમ;
અનુભવ એમ અનેકનો!, બને એમ પ્રભુ કેમ? ૫૩.

યોગીશ્વર અમને કહો;, કૃપા કરીને એહ;
આપ સર્વવિદ્ નિશ્ચયે;, ટાળો શંકા તેહ. ૫૪.

સુણી યોગીવર એ વદે:-, ગુર્વાજ્ઞા સમ તેમ
કરે કર્મ જે નારી કે, નર વિધિવત્ સપ્રેમ. ૫૫.

શાસ્ત્રલિખિત ફળ તેહને, મળે નિશ્ચયે આંહ્ય;
શંકા એમાં ના કશી!, કદિ કોઈને ત્યાંય. ૫૬.

પૂર્વજન્મપ્રારબ્ધ જો, આવે આડું તેમ,
તોજ આ ભવે ફળ મહીં, થાએ વિલંબ એમ. ૫૭.

**અમી ઠાકોર, ભુમી સોની**

ફળે અન્ય જન્મે તથા કર્મ યત્ન વિણ એહ;
જાય વ્યર્થ ના સર્વથા કર્મ કરેલું તેહ. ૫૮.

ગુરુવાણીપીયૂષ એ, ભવભયહારક જાણ;
પીએ **રંગ** સુભાગી જે, રૂએ અભાગી માન!! ૬૦.

**અ.૧૧૮**

વિદ્વજ્જન! સારાંશ કે, થાય ન કર્મવિનાશ;
યોગ્ય સમે ફળ નિશ્ચયે મળે તેહનું ખાસ. ૬૦.

જીવન્મુક્તિવિવેકનું, પ્રમાણ યથાર્થ ત્યાંય;
ઈશ પ્રાપ્ત્યર્થે કર્યા, શ્રમ તે વ્યર્થ ન ક્યાંય. ૬૧.

નાના યત્ન કરે જનો, દ્રવ્યપ્રાપ્ત્યર્થ જેમ,
ઈશપ્રાપ્ત્યર્થે યદિ કરે, તરે ન કેમ? ૬૨.

કર્યા યત્ન દ્રવ્યાર્થ જે, જાય કદાપિ વ્યર્થ;
આવે ઊલટું દૈન્ય ને, ખુએ મૂળનું ગર્થ.૬૩.

ઈશપ્રાપ્તિના યત્નમાં, થાય ન હાનિ તેમ;
માટે સ્ત્રીપુરુષે સદા, કરવો પ્રયત્ન એમ. ૬૪.

**અ.૧૧૯**

કરો કેમ! સંસારમાં, અચલ કાંઈ ન આંહ્ય,
એક ઈશ વિણ નિશ્ચયે!, તત્પ્રાપ્તિ વિણ ક્યાંય. ૧૫.

શાશ્વત સુખ સ્વપ્ને નહીં;, દારુણ માયાપાશ
તૂટ્યા વિણ શાન્તિ તણી, છેક નિરર્થક આશ. ૧૬.

આપ્યો મુજને બોધ જે, તેમ વર્તતાં આંહ્ય,
ચિત્તે સાધકના કદિ, વિષયવાસના ત્યાંય. ૨૦.

ઊઠે દૈવવશે કરી, થાય વિકારી મન,
ઉપાય શો કરવો તિહાં?, સુણી એહ વચન. ૨૧.

બોલે શ્રીગુરુઃ- માત હે?, એવા લોકે આંહ્ય
કરી ત્યાગ સર્વસ્વનો, એકાંત સ્થળ માંહ્ય. ૨૨.

સાધી આસન નિયમથી, બેસી સતતાભ્યાસ
કરવો, સ્વલ્પાહાર લઈ, સાત્ત્વિક તે પણ ખાસ. ૨૩.

જેમ જેમ અભ્યાસ એ, થાશે સુદૃઢ આંહ્ય,
તેમ તેમ ધ્યાને થઈ, વૃત્તિ તન્મય ત્યાંય. ૨૪.

ઈશ્વરરૂપ મુમુક્ષુ એ, થાશે નિઃસંદેહ;
સાવધાન તત્ક્ષણ થયાં, સુણી રમામા તેહ. ૨૫.

**અ.૧૨૭**
**અતિથિ સત્કાર :-**

અલખ નિરંજનને કહેઃ-, માટે સુજ્ઞે જાણ
રાખવું ન ઋણ કોઈનું, જરીએ બાકી માન. ૩૨.

નહિ તો ભોગવવું પડે, દુઃખ આખરે એમ
જન્મે વા જન્માન્તરે;, છૂટે કર્મ ન તેમ. ૩૩.

બોલે શ્રીગુરુ લોકનેઃ-, ગૃહસ્થાશ્રમી એમ
તમે સર્વ! દ્વારે અતિથિ, આવતાં તેમ ૬૬.

અર્પો ના ભિક્ષા યદિ, કેવો આશ્રમ એહ?
એમ બારણે આવતાં, ક્ષુધાર્ત નિઃસંદેહ, ૬૭.

ન્યાતગોત પૂછ્યા વિના, કરી યોગ્ય સત્કાર,
દેવું અન્ન એને સદા, યથાશક્તિ તત્કાળ. ૬૮.

કરવો વિલંબ ના કદિ, દેતાં ભિક્ષા એમ;
કરતાં શાન્ત ક્ષુધાર્તને, રીઝે દેવો તેમ. ૬૯.

એજ ધર્મ ગૃહસ્થનો;, એમ વર્તતાં આહ્ય
વિઘ્ન ભયંકર આહવું, નકી ન આવે ક્યાંય!! ૭૦.

**અ.૧૨૮**
**સગુણ ભક્તિ :-**

સગુણ ભક્તિ કરવી તથા, રાખી શ્રદ્ધા પૂર્ણ;
ધ્યાન સગુણ ઈશ્વર તણું, થતાં સંસિદ્ધ, તૂર્ણ. ૭૮.

સાક્ષાત્કાર પ્રભુ તણો, થાય નિશ્ચયે જાણ;
થતાં કૃપા સર્વેશની, થાએ યથાર્થ જ્ઞાન. ૭૯.

**ભૂમિ સોની**

ઉપાસનાસિદ્ધિ વિના, અનુભવજ્ઞાન ન ક્યાંય;
સત્ય જ્ઞાન વિણ મોક્ષ ના, કલ્પે પણ કદિ થાય. ૮૦.

નિજ સિક્કાનું ભૂપને, છે જેમ અભિમાન,
તેમ મૂર્તિનું ઈશને, છે જાણ અભિમાન. ૮૧.

સિક્કામાં પ્રત્યક્ષ ના, દિસે ભૂપ કદિ આંહ્ય;
ચિહ્નમાત્ર નૃપનું, તિહાં! તોએ કોઈ ત્યાંય. ૮૨.

નથી ભૂપ કહી ના કરે, કદિ અનાદર તેમ;
હોય મહીં નૃપ જો ન તો, ચાલે સિક્કો કેમ? ૮૩.

સિક્કાથી નૃપની અહીં, મહત્ત્વસત્તા જાણ
થાય સિદ્ધ! જડત્વ કે, પરિચ્છિન્નતા માન. ૮૪.

ના આવે નૃપને કદિ, એથી નિશ્ચય જેમ,
જાણ દેવમૂર્તિ તથા, ઈશનિદર્શક એમ. ૮૫.

મહત્ત્વ ને સત્તા તણું, ઈશમૂર્તિથી ભાન
થાય તેમ અહીં નકી;, મા કર તું અનુમાન. ૮૬.

રાજાજ્ઞાપાલન થકી, રીઝે રાજા જેમ,
દેવાજ્ઞાપાલન થકી, ઈશ નિશ્ચયે એમ. ૮૭.

માટે સગુણ ઉપાસના, કરવી ભાવે આંહ્ય;
રહસ્ય એવું પ્રગટ ત્યાં, કરી એમ ગુરુરાય. ૮૮.

**અ.૧૩૧ - દોષાન્ન :-**

દોષો અનેક હોય છે, એમ અન્નની માંહ્ય;
સૂક્ષ્મ વિચારે સેવવું, શુદ્ધ અન્ન ત્યમ આંહ્ય. ૨૮.

**ગુરુવચન ઉલ્લંઘન :-**

પ્રાણાન્તે પણ ગુરુ તણું, વચનોલ્લંઘન તેમ
કરવું ના સુધીએ કદિ, સદા વર્તવું એમ. ૨૯.

**અ.૧૩૧**
**કુટુંબ એકતા :-**

નિયમ એહ ઈશ્વર તણોઃ-, જ્યાંલગ કુટુંબ માંહ્ય
રહે એકતા, ઉર્જિતાવસ્થા, ત્યાં લગ ત્યાંય. ૫૭.

કલહ પરસ્પર પેસતાં, ઘરમાં નિશ્ચય એમ,
વિપત્તિઓ દારુણ તિહાં, પેસે નિર્ભય તેમ. ૫૮.

માટે છળ ના સંતનો, કરવો કદિએ જાણ;
કલહ કુટુંબે મા તથા, થાવા દેવો માન. ૬૦.

એજ અહીં કે જ્યાં લગી, મન સ્વાધીન આંહ્ય
થાય ન સત્યજ્ઞાનથી, ત્યાં લગ શિક્ષા ત્યાંય. ૭૫.

ફાવે તેમ કરો ભલે, ઈન્દ્રિયોને એમ,
થાય ફાયદો ના કદિ!!, બ્રહ્માવર્તે તેમ. ૭૬.

**અ.૧૪૦**
**માતા-પિતાની સેવા :-**

કુક્કુટ નામે જ્યાં વસે, મહાયોગિવર દેખ
યન્નામસ્મરણે ટળે, હજી દુઃસ્વપ્ન જાણ. ૨૨.

માતપિતાનો ભક્ત એ, કુક્કુટ યોગી જાણ;
માતપિતા વિણ અન્ય ના, જાણે દૈવત માન. ૨૫.

સેવા માતપિતા તણી, કરે નિરંતર એહ
મળતાં ફૂરસદ બેઉને, શાસ્ત્ર સૂણાવે તેહ. ૨૬.

જોઈ એણે ના કદિ, ગંગા નજરે જાણ;
ના દેખી વારાણસી!, પિતૃભજનમાં માન. ૨૭.

રહે ન નવરો એ જરા!, ગંગા યમુના તેહ
સરસ્વતી સહ આવીને, નિત્ય આશ્રમે એહ. ૨૮.

પ્રભાતકાળે વાળીને, છાંટી પાણી ત્યાંય,
સેવા આશ્રમમાં કરી, કુક્કુટના એ જાય! ૨૯.

ધોઈ પાપ સહુ જગતનાં, થાય મલિન એ તેમ;
દિવ્યરૂપ આશ્રમ મહીં, થાય આવીને એમ!! ૩૦.

એવો કુક્કુટ યોગી એ, મહાસમર્થ સુજાણ;
પુંડલીક તદાશ્રમે, આવી ઉતર્યો જાણ, ૩૧.

આ જન્મે માબાપની, સેવા કરે સુતુષ્ટ;
દૈવત બીજું ના લહે, પિતૃભક્ત એ હૃષ્ટ! ૫૯.

જેમ ઈંદિરા[1] ને હરિ, તેવાં મા ને બાપ
માની, અહર્નિશ તેમને, ભજે એહ નિસ્તાપ!! ૬૦.

સેવાથી માબાપની, અધિક પુણ્ય ના ક્યાંય;
કોટિયજ્ઞયાગાદિનું, પુણ્ય ન ગણત્રી માંહ્ય. ૬૧.

સેવા આગળ એમની;, પ્રદક્ષિણા ત્રણ જણ
પૃથ્વીની, ને કાશીની, બે લખ ભાવે માન. ૬૨.

કરતાં પુણ્ય મળે અહીં, માતાને તે એક
નમસ્કાર કરતાં મળે, પુંડલીક તું દેખ; ૬૩.

ભાવે સેવા તાતની, કરતાં થાએ જ્ઞાન,
આવી સંમુખ શ્રીહરિ, રહે ખડો તું જાણ. ૬૪.

માતપિતા પ્રત્યક્ષ છે, દેવ ભૂતલે આંહ્ય;
વેદશાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય. ૬૫.

અખિલ વિશ્વ પણ દાનમાં, દેતાં એ ઉપકાર
વળે ન માતપિતા તણો, કલ્પે પણ નિર્ધાર. ૬૬.

માતપિતાની જે કરે, નિંદા પાપી એમ,
જન્મોજન્મે નરકમાં, પડે દુષ્ટ એ તેમ. ૬૭.



૧. લક્ષ્મી

અ.૧૪૩
**અંતઃકરણ શુદ્ધિ :-**

કારણ કે આચારથી, દ્રવ્યશુદ્ધિ છે શ્રેષ્ઠ;
દ્રવ્યશુદ્ધિથી નિશ્ચયે, મનશુદ્ધિ છે શ્રેષ્ઠ. ૫૪.

બોધઃ- આ ત્રણે જેમાં વસે દેવતુલ્ય તે જાણ (આચાર શુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ, મનશુદ્ધિ પોતાનું ગુજરાન પોતાના દ્રવ્યથી ચલાવી જે સત્કર્મો, સેવા કરે છે તેનું મન,દ્રવ્ય અને આચાર શુદ્ધ થાય છે. આ ત્રણે જેમાં છે તે દેવતુલ્ય છે )

અ.૧૪૪
**સંતસંગ :-**

સાધુસંગથી લીમડો, થયો મીઠડો તેહ;
ના વિસ્મય જો નર તરે, ત્યજી દુર્ગુણો એહ!! ૭૨.

અ.૧૪૫

ગાંડા મહારાજને, શ્રીગુરુરાય કહે છેઃ
મારી સાથે રહીને, અત્યંત પુણ્ય તેં. ૪૪.

કર્યું પ્રાપ્ત સેવા થકી, સર્વ લોકની એમ
તોએ મોક્ષદ એ નહીં, રજોગુણોદ્ભવ તેમ. ૪૫.

શુદ્ધ સત્ત્વ વિણ મોક્ષ ના;, તત્પ્રાપ્ત્યર્થે જાણ
ત્યજી સર્વ ઉપાધિ આ, વિના વિલંબે માન. ૪૬.

ચિત્ત શાંત કરવું ઘટે;, એ વિણ મોક્ષ ન ક્યાંય!
જગત્ સર્વ આ નિશ્ચયે, સ્વારથ માટે આંહ્ય. ૪૭.

મંડે પાછળ આપણી, જય જય કરતું એમ;
દૃષ્ટિ ન એ પર રાખતાં, કરવું સ્વકાર્ય તેમ!! ૪૮.

આયુષ્ બ્રહ્માનું નકી, અમિત કેટલું આંહ્ય
તોયે જગતની ભાંજગડ, કરતાં પૂરૂં થાય. ૪૯.

ત્યાંલગ આત્મશ્રેયનો, કરવા વિચાર એમ,
મળે ન ફૂરસદ એહને!, કલ્પસુધી પણ તેમ. ૫૦.

ખૂટે સંકલ્પ ન એહનો!!, કોણ અન્ય ત્યાં હન્ત?
માટે છોડી સર્વ આ, જો પોતાનો પંથ!! ૫૧.

બ્રહ્માના આયુષ્યમાં, તારૂં મારૂં એહ
આયુષ્ શી ગણતી મહીં?, દેખ વિચારી તેહ. ૫૨.

ઉપાધિ આ લોકો તણી, છોડી સઘળી આંહ્ય,
કરવો વિચાર આપણો;, નહિ તો આગળ ત્યાંય. ૫૩.

પશ્ચાતાપ થશે નકી!, માટે મારી પાસ
રહી શ્રવણ વેદાંતનું, કર્યું જેહ તે ખાસ. ૫૪.

પુનઃ પુનઃ તેનો કરી, અંતર માંહ્ય વિચાર
શાન્ત ચિત્ત કર શીઘ્ર આ;, છે આશિષ મુજબાળ!! ૫૫.

આત્માનાત્મ વિચારમાં, રહે નિમગ્ન સદાય;
છું સંનિધ હું સર્વદા, જા ભૃગુક્ષેત્ર માંહ્ય. ૫૬.

સુણી વચન ગાંડાબુવા, કરી દંડવત્ ત્યાંય
શ્રીગુરુચરણે પ્રેમથી, કહે એમ નતકાયઃ- ૬૧.

સર્વ ઉપાધિ આજથી, મૂકી આ પગ પાસ;
તોય દયાલો! દૈવથી, થાય ઉપાધિ ખાસ. ૬૨.

તો તે સમયે વર્તવું, શી રીતે ગુરુરાય?
કહો કૃપા કરી તે મને!, વદે શ્રીગુરુ ત્યાંય. ૬૩.

કરે પ્રારબ્ધ સર્વને, ગાંડુ ગાંડા તેહ;
થયા દેવ પણ મુગ્ધ જ્યાં, કોણ અન્યજન એહ? ૬૪.

માટે પ્રારબ્ધે બને, તે તે તટસ્થ આંહ્ય
થાવા દેવું, પણ તિહાં, થાવું લિપ્ત ન ક્યાંય. ૬૫.

**સમીપ સ્વાદીયા, ભૂમી સોની**

અભિમાને ના એહના, થાય લિપ્ત ન જેહ,
તે જ આત્મસુખ ભોગવે;, ના એમાં સંદેહ. ૬૬.

અ.૧૪૫
**દેવનું કાર્ય દેવ કરશે :-**

દ્રવ્ય તણી ચિંતા કશી, કરો ન મનમાં એમ;
પુરશ્ચરણ આરંભતાં, અનાયાસ ધન તેમ. ૮૦.

મળી જશે તમને નકી;, યદાકદાચિત્ ત્યાંય
દેવકાર્યમાં એ યદિ, દેવું થોડું થાય. ૮૧.

તોએ ગભરાશો નહીં;, ચિંતા ઋણની તેહ
દેવ તણો શિર નિશ્ચયે, કરો ન ઉર સંદેહ. ૮૨.

**સમીપ સ્વાદીયા**

તેથી કોઈપણ દેવના, કાર્યે કદિએ વિઘ્ન
આજ સુધી આવ્યું નથી;, તેમજ આ નિર્વિઘ્ન. ૮૫.

કરનારા પોતે પ્રભુ, બેઠા છો જ્યાં આપ,
ચિંતા મુજને શી પછી?, થશે દૂર સહુ તાપ! ૮૬.

તોએ આપ કૃપા કરી, પધારશો ત્યાં એમ
છે ઈચ્છા ઉરમાં પ્રભો!!, નમે કહીને તેમ. ૮૭.

**અ.૩**
**શ્રી હરે વદે :-**

ગુરુભજને રત જે સદા, મદ્ભક્ત પણ તેહ;
તદ્ધીન આપું બધું, ઈપ્સિત નહિ સંદેહ. ૧૨૧.

અનન્ય ભાવે જે કરે, માતપિતાની સેવ
પતિવ્રતા પતિને ભજે, માની પ્રત્યક્ષ દેવ. ૧૨૨.

તે સહુ પણ મુજ ને ભજે, ભક્ત પ્રિય એ જાણ;
સાધુસંત સેવા કરે, મદ્ભક્ત એ માન. ૧૨૩.

**અ.૭**

ધ્યેયરૂપમાં તાહરા, રહે વૃત્તિ અખંડ;
એજ માગીએ ફરી ફરી, સહે દેહ નિજ દંડ. ૧૭.

બુદ્ધિ નિર્મળ થાય ને, થાય વાસના ક્ષીણ;
દેહ અહંતા સહુ ગળે, થાય ચિત્ત વિલીન. ૧૮.

**અ.૨૯**

અગ્નિશેષ ઋણશેષ ને, શત્રુશેષ પણ તેમ,
શોક કરાવે આખરે, અનુભવવાણી એમ. ૮૦.

કહ્યો દુઃખ નિજ મિત્રને, બોજો હલકો થાય;
ગણી દુઃખ પોતાતણું, બોધે મિત્ર ઉપાય. ૯૬.

મિત્રદુઃખ જોઈ ન જે, થાએ દુઃખિત આમ,
ના માણસ તે ખર નકી, લેવું નામ હરામ. ૧૦૨.

**અ.૫૦**
**મદ્યમાંસ સેવન :-**

તેમ દ્વિજ જે આજ થી, મદ્યમાંસનું એમ
કરશે સેવન તે નકી, થઈ સુદુઃખી તેમ; ૭૫.

દૈત્યો સમ અપમૃત્યુના, પડશે મુખમાં જાણ!
શાપવચન એ શુક્ર નું, વજ્રલેપ સમ માન. ૭૬.

માટે સજ્ઞાની કદિ, મદ્યમાંસને તેમ
સ્વપ્ને પણ સ્પર્શે નકી, જાણી સુનિંદ્ય એમ. ૭૭.

**અ.૫૩**

અનેક રંગે એકલો, ખેલે એ અવધૂત!
સ્પર્શે રંગ ન એહને, એ તો સદાય પૂત!! ૧૩૫.

★★★★★

## વેદાંત-ચિંતન / વેદાંતામૃતપાન

જે વાક્ય પુરુષે (મનુષ્યે) રચેલું ન હોય તે વેદ કહેવાય. ધર્મનું અને બ્રહ્મનું પ્રતિપાદન કરનારું અપૌરુષેય પ્રમાણરૂપ વાક્ય તે વેદ. મંત્ર અને બ્રાહ્મણનો સમુદાય તે વેદ. આ વેદની વ્યાખ્યાઓ છે વેદ ચાર છે. એ વેદોનો અંતિમ ભાગ તે વેદાંત કહેવાય છે. ઉપનિષદો વેદાંત કહેવાય.

આ બધું સામાન્ય માણસ માટે સમજવું ખૂબ જ અઘરૂં છે. તેને સહેલું બનાવવાનું કામ આપણા સદ્ગુરુએ કર્યું છે.

'વિચાર સાગર તરંગમાં' કહ્યું છે :

વેદ ઉદધિ બિન ગુરુ લખૈ, લાગૈ લૌન સમાન ।
બાદર ગુરુ મુખ દ્વાર વ્હૈ, અમૃત તૈ અધિકાન ॥

વેદ સાગર જેવો વિશાળ છે તે જો ગુરુની સહાય વગર સ્વતઃ ભણવામાં આવે તો લવણ જેવો ખારો લાગે છે. પણ તે જ સાગરનું જળ આપણને વાદળ દ્વારા આપણને વરસાદ રૂપે મળે તો મધુર લાગે છે, તેમ વેદનો અર્થ વાદળરૂપી બ્રહ્મજ્ઞાની ગુરુમુખે સાંભળી તેનો જો વિચાર કરવામાં આવે તો તે વેદ અમૃતથી પણ વધારે આનંદનો હેતુ બને છે. આ ભગીરથ કાર્ય પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃત ગ્રંથમાં કર્યું જ છે. આપણે તેનો લાભ લેવો જોઈએ.

સહસ્રાર્જુન, અલર્ક, યદુ, ગુરુ-દ્વિજકન્યા સંવાદ આમ અલગ અલગ પ્રસંગોએ વેદાંતનું અને યોગ સાધનાનું વર્ણન પૂ.શ્રીએ શક્ય હોય તેટલી સરળ ભાષામાં કર્યું છે. યોગસાધના કલિયુગમાં ઘણી મુશ્કેલ છે. આ મુશ્કેલી જાણીને પૂ.શ્રીએ તેનું વર્ણન સાંગોપાંગ કર્યું જ છે. યોગનો હેતુ ઈશ્વરપ્રાપ્તિ છે. આત્મજ્ઞાન વગર ઈશ્વરપ્રાપ્તિ શક્ય નથી.